## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા આ પ્રતિમાની બરાબર સફાઈ કરજે... આ એ વ્યક્તિ હતા જેમણે 'અહિંસક' રીતે સફાઈ અભિયાન ચલાવતા હતા...!!

# ભેજ વધતા બફારો વધ્યો

ગાંધીનગર, તા. ૨

મહત્તમ તાપમાન છેલ્લા કેટલાક દિવસોથી સ્થિર રહ્યુ છે પરંતુ ભેજનું પ્રમાણ વધતા બફારો વધતો જાય છે. બફારાના કારણે વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

કાળઝાળ ગરમીના દિવસો પસાર કર્યા બાદ હવે તાપમાન છેલ્લા કેટલાક દિવસોથી સ્થિર થયું છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ ઘુમી રહ્યુ છે. જો કે જેમ જેમ ચોમાસુ નજીક આવતુ જાય છે તેમ તેમ ભેજનુ પ્રમાણ વાતાવરણમાં વધતુ જાય છે. ભેજ વધતા જ બફારો વધ્યો છે. જેના કારણે વસાહતીઓ પરસેવે રેબઝેબ બની રહ્યા છે.

રાત્રે પણ બફારાથી છુટકારો મળતો નથી. પવન સાવ નહિવત હોવાથી બફારાની અસર વધુ વર્તાય છે. બફારાથી બચવા માટે વસાહતીઓ રાત્રીના સમયે બાગ-બગીચાઓમાં અડ્ડો જમાવે છે. વિધાનસભાથી છેક મહાત્મા મંદિર સુધીના માર્ગે પથરાયેલ સ્વર્ણિમ પાર્કમાં તો મોડી રાત સુધી જાણે રીતસર મેળો જામે છે. ગાંધીનગરાઓ જાણે ઉનાળો અને બફારાને માણી રહ્યા છે.

# માણસા નજીક ઉમિયાનગર ખાતે સજાની દિવાલ ધસી પડતા એકનું મોત

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઉમિયાનગર ખાતે આજે સવારના સુમારે અચાનક ઘરના સજાનો ભાગ તુટી પડતા તેના કાટમાળ નીચે પાંચ વ્યકિતઓ દટાયા હતા. સજાના કાળમાળમાં માણસો દટાતા હોહા મચી જવા પામી હતી. તુરંત બચાવકાર્ય હાજર લોકોએ શરુ કર્યુ હતું. સજાના કાટમાળ નીચે દટાયેલા પાંચેય વ્યકિતઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.જેમાંથી એક ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું . બનાવ અંગ પોલીસને જાણ થતા ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા શહેરથી અંદાજે આઠ કિલોમીટરના અંતરે આવેલ ઉમીયાનગરમાં સવારના સુમારે ૧૨ વાગ્યાના અરસામાં મકાનનું કામ ચાલુ હતું તે દરમિયાન અચાનક સજાની દિવાલ તુટી ગઈ હતી. જેને પગલે કામ કરી રહેલા સેધાજી ઠાકોર ઉં.૨૪, ભરત ઠાકોર ઉ.૩૦, રાજુજી ઠાકોર ઉ. ૪૫, રમેશ બજાણીયા ઉ.૪૦, રજુજી ઠાકોર ઉ.૨૫ ને સજાનો કાટમાળ વાગતા શરીરે વતાઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી. સજાના ભાગ જોરથી તુટી પડતા અને પાંચ વ્યકિતઓને ઈજા પહોંચ્યાની જાણ થતા ઘટના સ્થળે લોકોના ટોળેટાળા ઉમટયા હતા અને રાહત કાર્ય શરુ કર્યુ હતું.

ઈજાગ્રસ્તોને કાટમાળ નીચેથી બહાર કાઢીને તાત્કાલીક ૧૦૮ ને જાણ કરી હતી. માણસા અને ગોઝારીયા લોકેશનની ૧૦૮ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ઈજા પામેલા વ્યકિતઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી એક ઈજાગ્રસ્તનુ સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેરની જગ્યા બદલી-બઢતીના ઓર્ડરોમાં પણ ખાલી રહેવા પામી છે. છેલ્લા ચાર માસથી આ જગ્યા ચાર્જમાં ચાલી રહી છે.

● ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈનો અને ગટર લાઈનોની સફાઈ કામગીરી ચાલી રહી છે.

● આજે શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવને લઈ એક વિડીયો કોન્ફરન્સ બપોરે ૧૨ વાગે યોજવામાં આવેલ છે.

● વિશ્વ યોગ દિવસની ઉજવણીને લઈ તંત્રએ તૈયારીઓ આરંભી છે.

● ગાંધીનગર સહિત રાજયના જુદા જુદા સ્થળે અધિકારીઓની અપ્રમાણસર મિલ્કતને લઈ એસીબીએ હાથ ધરેલ સર્ચ ઓપરેશન સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

● અમુલે દૂધના ઉત્પાદનમાં ભાવ-વધારો કરવાના નિર્ણયથી અને શાકભાજીના આસમાને ગયેલા ભાવને લઈ શહેરના નગરજનોનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે. આ ઉપરાંત નોટબુકોના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે જેને લઈ ચોરે ને ચૌટે મોંઘવારીનો મુદ્દો ચર્ચામાં છવાયેલો છે.

# ગુડાની આવાસ યોજનામાં ૫૦ ટકા લાભાર્થીઓએ કબજો લીધો

## સફાઈ સહીતની આનુસંગિક સુવિધા માટે એજન્સીને કામ સોંપવામાં આવશે

ગાંધીનગર તા ૨

ગુડા દ્વારા રાયસણ ,ચિલોડા તેમજ અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનોને પંડિત દિન દયાળ આવાસ યોજના અન્વયે મકાનોની ફાળવણી કરવામાં આવી છે. જયારે ૧૧૦૦ આવાસો પૈકી ૫૦ ટકા લાભાર્થીઓએ આવાસોનો કબજો પણ મેળવી લીધો છે. જયારે હવે ગુડા દ્વારા આવાસ યોજના અન્વયે સફાઈ સહીત પાયાની આનુસંગિક સુવિધાઓ માટેના કામોનુ આયોજન નિયત કરવા માટે એજન્સીને કામ સોંપવમાં આવશે.

ગુડા દ્વારા રાયસણ ચિલોડા તેમજ અડાલજના વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. જયારે થોડા સમય અગાઉ ગુડા દ્વારા આ આવાસ યોજનાના લાભાર્થીઓને મકાનોનો કબજો પણ સોંપી દેવામાં આવ્યો છે.

જો કે હજુ માત્ર ૫૦ ટકા લાભાર્થીઓએ જ આવાસોનો કબજો લીધો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે ગુડાની નવી આવાસ યોજનામાં લાભાર્થીઓએ વસવાટ પણ શરૂ કરી દિધો છે. ગુડા દ્વારા તૈયાર કરાયેલા આવાસોમાં લાભાર્થીઓ માટે પેવર બ્લોક પાર્કીંગ બગીચા તેમજ લીફટ સહીતની સઘળી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. ત્યારે આ વિસ્તારમાં વસવાટ શરૂ થતા રહીશોને વાહન સુવિધા મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનુ પણ અનિવાર્ય બન્યુ છે.

લાભાર્થીઓને વિટકોસની બસ સુવિધા પણ ઉપલબ્ધ થાય તેવી માંગ ઉઠવા પામી છે. બીજીતરફ ગુડા દ્વારા આ આવાસ યોજનાને અનુલક્ષી સફાઈ લીફટ સહીતની પાયાની સવલતો પુરી પાડવા માટે જવાબદાર એજન્સીને જાળવણીનુ કામ સોંપવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં બાકી રહી ગયેલા કિસ્સાઓમાં પણ આવાસોનો કબજો સોંપી દેવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## મનપા પર્યાવરણ દિને ૫૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરશે

ગાંધીનગર, તા. ૨

આગામી ૫ મીના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે ૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.

મહાનગરપાલિકાને વિવિધ સેક્ટરોમાં સંચાલન માટે અપાયેલ બગીચાઓમાં આ વક્ષારોપણનો કાર્યક્રમ મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી તેમજ કમિશનરશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે યોજવામાં આવશે.

મહાનગરપાલિકાએ પર્યાવરણ દિવસની ઉજવણી પૂર્વે આખા સપ્તાહ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનિું આયોજન કર્યુ છે. ગઈકાલે ગાંધીનગર શહેરમાં વિવિધ સ્થાનોએ મુકાયેલ પ્રતિમાઓને સ્વચ્છ કરવામાં આવી હતી. આજે વોર્ડોમાં સામુહિક સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કાઉન્સીલરો અને સ્વૈચ્છિક સંસ્થાના કાર્યક્રમો જોડાયા હતા.

# ચિલોડા મોટા ખાતે શ્રમયોગી લાભાર્થીઓને યુ.વીન કાર્ડનું વિતરણ

## ૧૭૦ બાકી રહી ગયેલા શ્રમયોગી લાભાર્થીઓને ઝડપી કાર્ડ મળે તેવી માંગ



ચિલોડા, તા.૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા મુકામે ગ્રામ પંચાયતના હોલમાં ગામના સરપંચ સવાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગામના કુલ ૧૯૦ પૈકી ૨૨ યુ.વીન કાર્ડનું વિતરણ સરપંચ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત બાળ સુરક્ષાના અધિકારી વિજયભાઈ પરમારે ગ્રામ્ય સમુદાયોમાં સરકારની વિવિધ યોજના વિશે સવિસ્તાર સમજણ પુરી પાડી હતી.

આ શિબિરમાં આઈસીપીએસ યોજના વિશે પણ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. કાર્યક્રમમાં મોટીસંખ્યામાં હાજર લાભાર્થીઓમાં ૧૯૦ માંથી ૨૨ લાભાર્થીઓને યુ.વીન કાર્ડ અપાયા હતા. જયારે અન્ય ૧૭૦ શ્રમયોગીઓએ તેઓના યુ.વીન કાર્ડ ઝડપથી મળે તેવી માંગ કરી હતી. આ પ્રસંગે જયરામભાઈ સોની, નટુભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, આશાવર્કર મીનાબેન વાળંદ, જયશ્રીબેન સોલંકી હાજર રહ્યા હતા.



## પાંચ દેશોના ભારતીય રાજદૂતો રાજ્યપાલશ્રીની સૌજન્ય મુલાકાતે

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની વિશ્વના વિવિધ પાંચ જેટલા દેશોમાં સ્થિત ભારતીય રાજદૂતોએ આજે ગાંધીનગરમાં રાજભવન ખાતે સૌજન્ય મુલાકાત લીધી હતી. ફિનલેન્ડ, પનામા, બોત્સવાના, તાન્ઝાનિયા તથા મોંગોલિયા ખાતે ભારતીય રાજદૂત તરીકે સેવારત ભારતીય વિદેશ સેવાના આ અધિકારીઓ સર્વશ્રી અશોકકુમાર શર્મા, શ્રીમતી શમ્મા જૈન, ડૉ. કેતન શુકલા, શ્રી સંદિપ આર્ય તથા ટી. સુરેશ બાબુએ તેમના ગુજરાત પ્રવાસ દરમ્યાન રાજ્યપાલશ્રીની મુલાકાત લઈ પરસ્પર ચર્ચા-વિમર્શ કર્યા હતા.

## રવિવારે સહયોગ મંડળની વાર્ષિક સામાન્ય બેઠક

ગાંધીનગર, તા.૨

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા આગામી તા. ૫મી જૂનને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સે-૧૦એ કૃષિભવન, સહકારી કેન્ટીન ખાતે મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં વર્ષ ૨૦૧૫-૧૬ના ઓડિટ થયેલા વાર્ષિક હિસાબોની રજૂઆત અને વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ બે વર્ષ માટે વ્યવસ્થાપક સમિતિની નિમણુંક તથા દાતાઓનું સન્માન પણ કરાશે. સભાના અંતે અવસાન પામેલ સભ્યશ્રીઓની શોકાંજલિ માટે બે મિનિટ મૌન પાળવામાં આવશે. આ સભામાં મંડળના તમામ સભ્યોને હાજર રહેવા પ્રમુખ ભગુભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

## આદિવાસી સમાજ માટે ભરતી અંગે માર્ગદર્શન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ દ્વારા કેન્દ્રીયકૃત ભરતીની જાહેરાતોના અનુસંધાને ઉમેદવારી કરી હોય તેવા ગુજરાત રાજયના આદિવાસી ઉમેદવારો માટે ભરતી અંગે માર્ગદર્શન કેમ્પ અને તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં જે ઉમેદવારોને ભાગ લેવો હોય તેઓએ પોતાનો બાયોડેટા, મોબાઈલ નંબર અને કઈ જગ્યા માટે અરજી કરી છે આ સહિતની તમામ વિગતો માટે ઉપપ્રમુખ અને કન્વીનર ભરતભાઈ મોડીયા અને સંગઠનમંત્રી રાજેન્દ્રભાઈ તેજોતનો સંપર્ક કરી જણાવવાનું રહેશે.

# કોલવડામાં ખુલ્લેઆમ જુગાર રમતાં ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં પગી વાસ પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી ચાર શખ્સોને રંગે હાથ પકડી પાડયા હતા. રૂ. ૨૧,૪૫૦ના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરીને પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પી.એસ.આઈ. ડી. બી. વાળાની ટીમે આજે બપોરના અરસામાં ચોકકસ બાતમીને આધારે કોલવડા ગામના પગી વાસ પાછળ ખુલ્લા મેદાનમાં દરોડો પાડયો હતો. ત્યાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. દરોડો પાડી ચાર શકુનીઓને જુગાર રમતા પકડી પાડયા હતા. શેરથા કસ્તુરી નગરના બાબુ અમાજી ઠાકોર, પુન્દ્રાસણના પંકજ જયરામ ઠાકોર, શેરથા મોટો વાસનાં પ્રતાપ ગાંડા ઠાકોર અને કોલવડા પંડયા વાસના મહેન્દ્ર રતીલાલ પંડયા મળી ચાર શખ્સોની અંગ જડતીમાંથી રૂ.૧૪,૧૦૦ તથા દાવ ઉપરથી મળેલી રોકડ રૂ. ૭૩૫૦ મળીને કુલ રૂ. ૨૧,૪૫૦ની કિંમતનો મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાંધેજા ખાતે એમબીએ ઈન રુરલ મેનેજમેન્ટમાં પ્રવેશ શરૂ

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ પરિસર, રાંધેજા ખાતે ચાલતા એમબીએ ઈન રુરલ મેનેજમેન્ટ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. બે વર્ષના આ ફુલટાઈમ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ગૂજરાત વિદ્યાપીઠ પરિસર, રાંધેજાનો સંપર્ક કરવા જણાવાયું છે.

એમબીએ ઈન રુરલ મેનેજમેન્ટ અભ્યાસક્રમ શરૂ કરવા પાછળનો ગૂજરાત વિદ્યાપીઠનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ વ્યવસ્થાપન ક્ષેત્રે વધતી જતી તાલીમબદ્ધ મેનેજરોની માંગને પુરી પાડવાનો છે. સંપોષિત ગ્રામિણ વિકાસ માટે આ અભ્યાસક્રમનું મહત્વ વધતુ જાય છે. બે વર્ષના અનુસ્નાતક કક્ષાના આ અભ્યાસક્રમમાં કોઈપણ વિદ્યાશાખાના ૪૫ ટકા કે વધુ ગુણ સાથે સ્નાતકની પદવી ધરાવનારાઓ પ્રવેશ પાત્ર છે. સ્નાતકના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પણ તેમાં અરજી કરી શકે છે. પ્રવેશ પરીક્ષા અને રૂબરૂ મુલાકાત બાદ ૪૨ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે પસંદ કરવામાં આવશે.

